વંચાણમાં:-

1. સામાજિક ન્યાય અનેઅધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક જજઅ/૧૦૨૦૦૪/નબાપ/છ-૯---૦૯-૦૭
2. અત્રેની કચેરીના આદેશ ક્રમાંક નં સસુખા/જબક/ઓહોવ/૬૮૨ ગાંધીનગર તા-૨૮/૦૯/૨૦૦૭
3. અત્રેની કચેરીના નં સસુખા/જબક/નિમંણૂક બહાલી/૦૮-૦૯/૪૭૮૧ તા-૧૮/૦૮/૨૦૦૮
4. એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન નવસારી,મુ,ભૈરવી તા-ચિખલી જિ-નવસારીની તા-30/૦૮/૨૦૧૬ની રજૂઆત
5. સામાજિક ન્યાય અને અધિકરિતા વિભાગ,સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક જજઅ/૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ,તા ૨૩/૧૨/૨૦૧૫
6. સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા-૧૪/૦૬/૨૦૦૬નો પરિપત્ર
7. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક જા.નં/સસુખા/સીપીડી/આઉટસોર્સ/૨૦૧૬-૧૭/૨૩૨૧ તા-૨૭/૦૫/૧૬
8. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા-30/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક-મકમ-૨૦૦૪-૨૫૩૯-ખ૩

નં SSK/Outsource/EST/CPD/16-17/ 1287 **આદેશ** તા 16 / 03 / 2017 ૦૪/ ૦૪/ ૨૦૧૭

ઉપરોકત વંચાણ-1ના ઠરાવથી રાજયના જુવેનાઇલ જસ્ટિસ એકટ-૨૦૦૦ હેઠળ સંભાળ અને રક્ષણની જરૂરિયાત તથા કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકો માટે નિયામક સમાજ સુરક્ષા ખાતાના ગ્રાન્ટ ઇન એઇડ-૧૯૯૨ના ધોરણે ચિલ્ડ્રનહોમ વલસાડ ખાતે કુમારો અને કન્યાઓ માટે સંસ્થા શરૂ કરવાની મહેકમ મંજૂરી મળેલ જે અન્વયે વંચાણ-2થી સંસ્થામાં ચિલ્ડ્રનહોમ વલસાડ ખાતે કુમારો અને કન્યાઓ માટે 2-અધિક્ષક અને 2-કારકૂન કમ હાઉસમાસ્તરની જગ્યા,1-પટાવાળા.અને 3-ચોકિદારની આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપેલ.વંચાણ-3 થી મંજૂર થયેલ જગ્યાઓ પૈકીની ચિલ્ડ્રનહોમ,ગર્લ્સ વલસાડની સંસ્થા ખાતે કારકૂન કમ હાઉસમાસ્તરની જગ્યા પર શ્રી ઇલાબેન ખંડૂભાઇ પટેલની ફિક્સ પગારધોરણે નિમંણૂક થયેલ અને બાકીની વર્ગ-3ની 3 જગ્યાઓ ખાલી રહેલ છે વંચાણ-4થી સદર જગ્યા ભરવા સારૂ અત્રેથી મંજૂરી માટે રજૂઆત કરેલ છે જે ધ્યાને લેતા વંચાણ-5થી ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board દ્વારા માન્ય કરાયેલ સંસ્થાઓમાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત જગ્યા ભરવાની મંજૂરી મળતા ચિલ્ડ્રનહોમ વલસાડ ખાતે કુમારો અને કન્યાઓ માટે અગાઉના તમામ મહેકમની મંજૂરીના આદેશ આથી રદ કરવામાં આવે છે.સંસ્થાની તા-30/૦૮/૨૦૧૬ની દરખાસ્ત ધ્યાને લઇ વંચાણ-5ના ઠરાવમાં જણાવેલ ક્રમનં 1 થી 6 ની જગ્યાઓ એનેક્ષર-અ મુજબ વંચાણ-6ના પરિપત્રને ધ્યાને લઇ ભરવાની રહેશે,ક્રમનં-2(એનેક્ષર-અ) માટે નીચે મુજબની શૈક્ષણિક લાયકાતને અને અનુભવને ધ્યાને લેવાની રહે,ક્રમનં-5(એનેક્ષર-અ)ની જગ્યા અન્વયે જિલ્લાઓમા સ્વાસ્થ્ય આરોગ્ય કેન્દ્રમાં પેરામેડીકલ સ્ટાફની આઉટસોર્સથી સેવાઓ

લેવામાં આવે છે તે મુજબ સદર સંસ્થામાં પેરાપેડીકલ સ્ટાફની સેવા લેવાની રહે, ક્રમનં7 થી 9ની જગ્યાઓવંચાણ-7ના પરિપત્ર મુજબ કચેરી વ્યવસ્થાપનના અનુસંધાને વંચાણ-8ની શરતોને આધિન ભરી લેવાની રહે તથા ક્રમન-10માં પાર્ટટાઇમ વીએમઓની જગ્યા પર ચિલ્ડ્રનહોમ વલસાડ ખાતે કુમારો અને કન્યાઓ માટે સંયુકત રીતે MBBS કક્ષાના તબીબી અધિકારીશ્રીની સેવાઓ લેવાની રહે, ઉકત તમામ જગ્યાઓની એડહોક ધોરણે ૧૧ માસના કરાર આધારિત મહેકમની નીચે મુજબની શરતોને આધિન તાત્કાલિક ધોરણે ભરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

## એનેક્ષર-અ

| ક્રમ | હોદ્દો | કર્મચારીની સંખ્યા | | ચૂકવવાનુ માનદવેતન,(Per Month) |
|---|---|---|---|---|
| | | Children Home For | | |
| | | Boys | Girls | |
| ૧ | ઓફિસ ઇન્ચાર્જ (સુપ્રિન્ટેન્ડેન્ટ) | ૧ | ૧ | ૨૫,૦૦૦/- |
| ૨ | પરામર્શક (કાઉન્સેલર) | ૧ | ૧ | ૧૭,૫૦૦/- |
| ૩ | પ્રોબેશન અધિકારી/ચાઇલ્ડવેલફેર અધિકારી/કેસવર્કર | ૧ | ૧ | ૧૭,૫૦૦/- |
| ૪ | હાઉસમધર કે હાઉસફાધર(ગૃહમાતા/ગૃહપિતા) | ૧ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૫ | પેરામેડીકલ સ્ટાફ | ૧ | ૧ | ૯,૦૦૦/- |
| ૬ | સ્ટોર કિપર કમ એકાઉન્ટન્ટ | ૧ | ૧ | ૧૪,૦૦૦/- |
| ૭ | કૂક(રસોઇયા) | ૦ | ૦ | ૭,૫૦૦/- |
| ૮ | હેલ્પર | ૧ | ૧ | ૬,૦૦૦/- |
| ૯ | હાઉસકીપર | ૨ | ૨ | ૬,૦૦૦/- |
| ૧૦ | M.B.B.S ડોકટર (પાર્ટ ટાઇમ/સ્વૈચ્છિક) | ૧ | | ૧,૫૦૦/- |

| Sr no | Designation | Education Qualification |
|---|---|---|
| 2. | Counselors | Preferably M.A.in psychology/Sociology/MSW/applied Psychology, or Msc in Human development with minimum two years 'work experience(second Class preference-MSW with two,years' counciling Experience) |

નિમંણૂકની બોલીઓ અને શરતો-

1. ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેકશન સ્કીમ(ICPS) મુજબ ૧૧ માસ કરાર આધારિત મહેકમ માટે મંજૂર થયેલ તેમજ વખતો વખત સુધારા સહિતના નીતિનિયમો મુજબ અમલવારી કરવાની રહેશે.
2. ચિલ્ડ્રનહોમ,ગર્લ્સ વલસાડની સંસ્થા ખાતે કારકૂન કમ હાઉસમાસ્તરની (વર્ગ-૩)ની જગ્યા પર ફરજ બજાવતા શ્રી ઇલાબેન ખંડૂભાઇ પટેલની જગ્યા ભરાયેલ છે તો ક્રમનં-6ની. સ્ટોર કિપર કમ એકાઉન્ટન્ટની જગ્યા ભરવાની રહેશે નહી પરંતુ સદર કર્મચારી વયનિવૃત થાય કે સ્વૈચ્છિક રાજીનામુ આપતા ખાલી પડે ત્યારે જ તે ખાલી જગ્યા એનેક્ષર-અ મુજબ ભરવાની રહેશે.
3. ચિલ્ડ્રનહોમ વલસાડ ખાતે કન્યાની સંસ્થામાં ખાલી પડેલ જગ્યાઓ પર માત્ર મહિલા કર્મચારીઓની નિમંણૂક કરવાની રહેશે.
4. ચિલ્ડ્રનહોમ વલસાડ ખાતે કુમારો અને કન્યાઓની સંસ્થામાં ખાલી પડેલ તમામ જગ્યાઓ ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળના એનેક્ષર-અ મુજબ મંજૂર થયેલ માનવબળ અને તેની સામે દર્શાવેલ માનદવેતનથી જ ભરવાની રહેશે .
5. ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેકશન સ્કીમ(ICPS)મુજબ કરાર આધારિત મહેકમ માટે મંજૂર થયેલ નીતિનિયમો તેમજ વખતો વખત થતા સુધારા સહિતના નીતિનિયમો મુજબ અમલવારી કરવાની રહેશે.
6. જિલ્લાકક્ષાએ માન.કલેકટરશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમના ચેરમેન હોવાથી તેઓના અધ્યક્ષ સ્થાને કર્મચારીઓની નિમણૂંક અંગે પસંદગી સમિતિની રચના કરવાની રહેશે. જેમાં જે તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અને સંસ્થાના વડા / પ્રતિનિધિસભ્ય તરીકે રહેશે. આ અંગેની સઘળી કામગીરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ હાથ ધરવાની રહેશે.
7. અનુક્રમ નં.૧થી૬ની વર્ગ-૩ની કરાર આધારિત જગ્યાઓ જાહેરાત આપીને તથા અનુક્રમ નં.૭ થી ૯ વર્ગ-૪ની સમકક્ષ જગ્યાઓની સેવાઓ "એનેક્ષર-અ"માં જગ્યા સામે જણાવેલ માનદવેતનથી જિલ્લા કલેકટરશ્રી દ્વારા માન્ય કરેલ આઉટસોર્સ એજન્સીથી સેવાઓ લેવાની રહેશે.સરકારશ્રી/નિયામકશ્રી દ્વારા ક્રમ-૧ અથવા ક્રમ-૩ પર સરકારીઅધિકારીની ડેપ્યુટેશન પર નિમણૂંક કરવામાં આવે તો કરાર આધારિત મહેકમનો અંત લાવી ડેપ્યુટેશન પર મુકાયેલ અધિકારીને ફરજ પર હાજર કરવાના રહેશે.
8. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવની જોગવાઇ મુજબ વર્ગ-૩ના કર્મચારીઓને નિમણૂંક સમયે કોમ્પ્યુટરની જાણકારી હોવી ફરજિયાત છે.
9. વર્ગ-૩,૪ની જુદી જુદી જગ્યાઓ માટે સરકારશ્રી દ્વારા નક્કી કરેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનાર ઉમેદવારોને જ નિમણૂંક આપવાની રહેશે.

10. મંજૂરથયેલ મહેક્મના પગાર ભથ્થા પર સંકલિતબાળ સુરક્ષાયોજનાની જોગવાઇ મુજબ 10 % ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે.ઉપરોકત પગાર/ભથ્થામાં સરકારશ્રી દ્વારા કરવામાં આવનાર વખતોવખત સુધારા અમલી બનાવવાના રહેશે.

11. આ હૂકમ અન્વયે થનારી નિમંણૂકની મુદ્દત તદ્દન હંગામી ધોરણે 11-માસ સુધીની જ રહેશે.કોઇપણ સંજોગોમાં આ એડહોક નિમંણૂકોની મુદ્દત 11માસથી વધે નહી તેની તકેદારી જેતે કચેરીએ રાખવાની રહેશે.

12. કરાર આધારિત 11માસના નિમણૂંક મેળવનાર કર્મચારીઓની કરાર રિન્યુ ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજનાની જોગવાઇ મુજબ વધુમાં વધુ ત્રણ વર્ષ સુધીજ સંબધીત કર્મચારીનો કરાર રિન્યુ કરવાના રહેશે ત્યારબાદ જેતે જગ્યાનો કરારનો અંત લાવી નવેસરથી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

13. કરાર આધારિત 11 માસના કર્મચારીઓના કરારની મુદત પૂર્ણ થયેથી અપાયેલ નિમણૂકનો આપો આપ અંત આવેલો ગણાશે.

14. કરાર આધારિત ઉચ્ચક વેતનથી/માનદ વેતનથી નિમંણૂક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ પણ પ્રકારનો હક પ્રાપ્ત થશે નહી.

15. ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજનાની જોગવાઇ અન્વયે કરેલ ભરતી અનુસાર નિમંણૂક મેળવનાર કર્મચારીઓ પાસેથી(https://sje.gujarat.gov.in/dsd/ અપલોડ) કરારખત પત્ર મેળવી લેવાનુ રહેશે.

16. પસંદગી થયેલ કર્મચારીની નિમણૂકની બહાલી નિયામકશ્રી સમાજ સુરક્ષાની કચેરી પાસેથી મેળવી લેવાની રહેશે.

17. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ સંસ્થાને બંધનકર્તા રહેશે.

18. મંજૂર કરવામાં આવેલ મહેકમ મુજબના સ્ટાફની ભરતી ત્રણ માસનાં સમયગાળામાં કરવામા નહી આવે તો આપેલ મંજૂરી આપોઆપ રદ થયેલ ગણાશે.

19. એનેક્ષર-અ ના ક્રમનં-1,2,3,4,6,7ના સરકારશ્રી દ્વારા નક્કી કરેલ શૈક્ષણિક લાયકાતને લગતા તમામ ઠરાવ https://sje.gujarat.gov.in/dsd/. પરથી મેળવી લેવાના રહેશે.

ઉકત મંજૂરીના અનુસંધાને વર્ગ-3ની સમકક્ષ 1 થી 6 જગ્યાઓ માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા ગુજરાત રાજ્યના બે અગ્રણીય વર્તમાન પત્રોમાં જાહેરાત આપી તાત્કાલિક વોક ઇન ઇન્ટરવ્યુ ગોઠવીને ઉપરોકત વર્ગ-3 તમામ જગ્યાઓને લગતી શૈક્ષણિક લાયકાત અને અનુભવને ધ્યાને લઇ અને વર્ગ-૪ની સમકક્ષ જગ્યાઓ પર જિલ્લા કલેકટરશ્રી દ્વારા માન્ય કરેલ આઉટસોર્સ એજન્સીથી માનદસેવાઓ મેળવીને ઉકત સંસ્થા ખાતે તદ્દન હંગામી ધોરણે 11-માસના

કરાર આધારિત ભરતીની તમામ ખાલી મહેકમની પ્રક્રિયા પુર્ણ કરવા અને તેની અત્રેથી બહાલી મેળવી લેવા જણાવવામાં આવે છે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય ગાંધીનગર

પ્રતિ,

પ્રમુખશ્રી ,

એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન નવસારી, સંચાલિત,

ચિલ્ડ્રનહોમ(કુમાર-કન્યા)વલસાડને

મુ,ભૈરવી તા-ચિખલી જિ-નવસારી તાત્કાલિક ભરતી પ્રક્રિયા હાથ ધરવા સારૂ

નકલ રવાના:-

1. મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,બ્લોક નં૧૯/૩ જિવરાજ મહેતા ભવન ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
2. નાયબ નિયામકશ્રી,મહેકમ શાખા,વડી કચેરીને જાણ સારૂ.
3. હિસાબી અધિકારીશ્રી(વર્ગ-1)GIA Branch.નેવડી કચેરી ગાંધીનગરને યોગ્ય કાર્યવાહી કરવા અર્થે.
4. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,વલસાડને સત્વરે કાર્યવાહી કરવા સારૂ.
5. પ્રોગ્રામ મેનેજરશ્રી ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,બ્લોક નં૧૯/૩ જિવરાજ મહેતા ભવન ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે
6. આદેશ ફાઇલ.
7. સંકલિત ફાઇલ.